**EDII Hosts Inspiring Session with Aman Gupta at Empresario '26**

**Publication:** Gujarat Samachaar
**Date:** 14 March 2026
**Edition:** Ahmedabad

# એઆઈ ભવિષ્યના સ્ટાર્ટઅપ્સ માટે મહત્ત્વપૂર્ણ

અમદાવાદ, શુક્રવાર

એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) અમદાવાદ ખાતે આયોજિત સ્ટાર્ટ અપ સમિટ એમ્પ્રેસારિયો-૨૦૨૬ના બીજા દિવસે યુવા એન્ટરપ્રિન્યોર માટે પ્રેરણાદાયી સંવાદ સત્રનું આયોજન કરાયું હતું, જેમાં બોટના સહસ્થાપક અમન ગુપ્તાએ વિદ્યાર્થીઓ સાથે પોતાના અનુભવો શૅર કર્યા હતા. આ વિશેષ સત્રમાં તેમણે ઉદ્યોગસાહસિકતા, ઈનોવેશન અને સતત શીખવાની મહત્ત્વતા પર પ્રકાશ પાડ્યો હતો. સત્ર દરમિયાન અમન ગુપ્તાએ જણાવ્યું કે, આજના યુવાનો પાસે નવી ટેકનોલોજી અને વૈશ્વિક તકોનો લાભ લઈને પોતાના વિચારોને સફળ વ્યવસાયમાં પરિવર્તિત કરવાની અનંત સંભાવનાઓ છે. તેમણે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે જોખમ લેવાની અને સ્પષ્ટ દ્રષ્ટિકોણ સાથે પોતાના સ્ટાર્ટઅપ સપનાઓને સાકાર કરવા માટે પ્રોત્સાહિત કર્યા.



## એમ્પ્રેસારિયો ૨૦૨૬મા અમન ગુપ્તા સાથે પ્રેરણાત્મક સંવાદ

આ સંવાદ દરમિયાન એક ૧૭ વર્ષના પાર્ટીસિપન્ટે આગામી દાયકામાં સ્ટાર્ટઅપ્સ માટે સૌથી આશાસ્પદ ક્ષેત્ર વિશે પ્રશ્ન પૂછ્યો હતો. તેના જવાબમાં અમન ગુપ્તાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ)ને ભવિષ્યની સૌથી પરિવર્તનશીલ ટેકનોલોજી ગણાવી. તેમણે યુવા ઉદ્યોગસાહસિકોને એઆઇ ક્ષેત્રમાં થતાં ઝડપી વિકાસ પર નજર રાખવા અને આ ટેકનોલોજી અંગે વધુ શીખવા પ્રોત્સાહિત કર્યા. તેમણે વિદ્યાર્થીઓને એઆઇ સંબંધિત અભ્યાસક્રમો, ડિજિટલ પ્લેટફોર્મ્સ અને ક્લાઉડ આધારિત ટૂલ્સનો સક્રિય ઉપયોગ કરીને નવીન વિચારધારાઓ વિકસાવવા સલાહ આપી.

**Publication:** Divya Bhaskar
**Date:** 14 March 2026
**Edition:** Ahmedabad

---



EDIIના સ્ટાર્ટઅપ સમિટ એમ્પ્રેસારિયોમાં boAtના અમન ગુપ્તાએ કહ્યું,

# નકલમાં પણ અકલ હોવી જરૂરી છે

**EDII STARTUP SUMMIT**

અમદાવાદ : આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં આયોજિત સ્ટાર્ટઅપ સમિટ એમ્પ્રેસારિયોમાં boAtના કો-ફાઉન્ડર અમન ગુપ્તાએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. અમન ગુપ્તાએ સ્ટુડન્ટ્સને કહ્યું, 'જો આઈડિયા નથી તો, ઓબ્ઝર્વેશનથી આઈડિયા ઈમ્પ્લિમેન્ટ કરવામાં ખોટુ નથી, જો આઈડિયા નથી તો, બીજાના આઈડિયાને એક્ઝિક્યુટ કરવાના પ્રયત્નો કરો.'

## સ્ટાર્ટઅપમાં 'આઈડિયા' કરતાં 'એક્ઝિક્યુઝન' સૌથી જરૂરી છે

**ફર્સ્ટ પર્સન:** અમન ગુપ્તા, boAt કો-ફાઉન્ડર

જીવનમાં સફળતા મેળવવા નિષ્ફળતાનો અનુભવ જરૂરી છે. ભારતમાં ઘણાં લોકો સૌથી વધુ ફેઈલ થવાથી ડરે છે. પરંતુ જો કોઈ વ્યક્તિ એક વાર નિષ્ફળ થાય અને ફરી પ્રયાસ કરે તો, ધીમે- ધીમે આ ડર દૂર થઈ જાય છે. મારું પહેલું સ્ટાર્ટઅપ પણ નિષ્ફળ ગયું ત્યારે, પરિવાર અને સમાજ શું કહેશે તેવો ડર લાગતો હતો.

અંતે એક સ્ટાર્ટઅપ સફળ થયું અને આજે હું અહીં સુધી પહોંચ્યો છું. જો 10 પ્રયત્નમાંથી નવ નિષ્ફળ જાય તો પણ કોઈ સમસ્યા નથી કારણ કે, એક સફળતા આખી જિંદગી બદલી શકે છે. દરેકે સ્ટાર્ટઅપ જ શરૂ કરવા તે જરૂરી નથી, કર્મચારી તરીકે પણ મોટી સફળતા મેળવી શકે છે જો, તે કંપનીના કામને પોતાનું માનીને જવાબદારીથી કરે. સ્ટાર્ટઅપમાં સૌથી મહત્ત્વનો 'આઈડિયા' નહીં, 'એક્ઝિક્યુશન' છે. દુનિયામાં ઘણી સફળ કંપનીઓ પહેલાથી રહેલા મોડલ પરથી પ્રેરિત છે પરંતુ તેમની સફળતા યોગ્ય એક્ઝિક્યુશનને કારણે થાય છે.

જો કોઈ સારો આઈડિયા નથી તો આસપાસના લોકોને ઓબ્ઝર્વ કરી આઈડિયા ઈમ્પ્લિમેન્ટ કરવામાં પણ ખોટુ નથી. બોટ પહેલાં કોઈ હેડફોન નહોતું બનાવતું એવું નથી. મેં પણ આઈડિયાનું અલગથી એક્ઝિક્યુશન કરી લીધુ તેની સફળતા આજે લોકો જોઈ રહ્યાં છે. વિશ્વમાં ઘણા સફળ બિઝનેસ મોડલ પહેલાથી રહેલા આઈડિયાની નવી રીતે એક્ઝિક્યુટ કરવાથી ઉભા થયા છે. એટલે જો માર્કેટમાં આઈડિયાનું યોગ્ય એક્ઝિક્યુશન કરી શકો તો નવા આઈડિયાનો વિચાર કર્યા વગર સારા એક્ઝિક્યુશન પર મહેનત કરી જુઓ.

### મિત્રો સાથે બિઝનેસ કરવા કરતાં સ્કીલફુલ પાર્ટનરની પસંદગી કરો

1. નિષ્ફળતા જ જીવનમાં સફળતા મેળવવાનો મહત્વપૂર્ણ ભાગ છે તેનાથી ક્યારેય ડરવું નહીં. તેમજ મિત્રો સાથે બિઝનેસ શરૂ કરવા કરતાં અલગ સ્કીલ ધરાવતા પાર્ટનરને પસંદ કરવો વધુ યોગ્ય નિર્ણય સાબીત થશે.
2. લોકો શું કહેશે તે વિશે વધુ વિચારવાની જરૂર નથી. કેમ કે, તમે કરેલા સારા કામોને પણ વખોડવા વાળા લોકો મળશે. માટે સ્ટાર્ટઅપ શરૂ કરતા પહેલાં વધારે વિચારવાથી ઘણી વખત સારી તક ચૂકી જવાય છે
3. દરેક વ્યક્તિએ આંત્રપ્રિન્યોર જ બનવું એ જરૂરી નથી તમે કોઈ એમ્પ્લોઈ તરીકે પણ મોટી સફળતા મેળવી શકો છો. જેનું ઉત્તમ ઉદાહરણ સુંદર પિચાઈ છે જે, એક કંપનીમાં એમ્પ્લોઈ જ છે.

**Publication:** Sandesh
**Date:** 14 March 2026
**Edition:** Ahmedabad

# ઈડીઆઈઆઈએ એમ્પ્રેસારિયો દરમિયાન અમન ગુપ્તા સાથે સેશનનું આયોજન કર્યું



સ્ટાર્ટ-અપ સમિટ એમ્પ્રેસારિયો ૨૦૨૬ના બીજા દિવસે, એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા અમન ગુપ્તાના સહ-સ્થાપક સાથે વિશેષ સંવાદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને સપનાઓને સાકાર કરવા માટે પ્રેરિત કર્યા.

**Publication:** Newsdaddy
**Date:** 14 March 2026
**Edition:** Online
**Link:**
https://url.uk.m.mimecastprotect.com/s/PLsNCzK8Xi3xEvrkh4fnS9Bb1R?domain=newzdaddy.com

# Aman Gupta Inspires Young Minds at EDII Startup Summit

EDII Hosts Inspiring Session with Aman Gupta at Empresario '26

The Entrepreneurship Development Institute of India (EDII), Ahmedabad, arranged a special meeting with Mr Aman Gupta, co-founder of boAt, on the second day of the start-up summit Empresario '26. Gupta inspired students to pursue their entrepreneurial goals with assurance and purpose.

The event was a component of Empresario '26, a summit that brings together investors, mentors, founders, and students to talk about innovative business concepts. Such gatherings have become very important in India's growing start-up culture. In the past decade, India has emerged as one of the world's largest start-up ecosystems. According to industry reports, thousands of new ventures are launched every year, especially by young founders in technology, digital services, education, and financial technology. Students can hear first-hand accounts from entrepreneurs who have grown their businesses from modest beginnings through platforms such as Empresario.

A 17-year-old attendee asked which industry would be the most promising for startups over the next ten years during the lively session. In response, Aman Gupta emphasised the enormous potential of artificial intelligence (AI) and urged aspiring businesspeople to keep a close eye on advancements in the field.

The way many industries operate is already being altered by artificial intelligence. AI technologies enable businesses to make decisions more quickly by analysing vast amounts of data in a matter of seconds. AI in healthcare aids physicians in early disease detection. It aids in the detection of fraud in banking. It analyses consumer behaviour and makes recommendations for goods that consumers might find

**Publication:** English Khabarpatri
**Date:** 16 March 2026
**Edition:** Online
**Link:** [https://www.ahmedabadmirror.com/edii-kicks-off-start-up-summit-empresario-26/81909672.html](https://www.ahmedabadmirror.com/edii-kicks-off-start-up-summit-empresario-26/81909672.html)

---

# સ્ટાર્ટઅપ સમિટ એમ્પ્રેસારિયો 2026: અમન ગુપ્તાએ કહ્યું – ભવિષ્યના સ્ટાર્ટઅપ્સ માટે AI સૌથી મોટી તક




સ્ટાર્ટ-અપ સમિટ એમ્પ્રેસારિયો 2026ના બીજા દિવસે, એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ઼ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ), અમદાવાદ દ્વારા અમન ગુપ્તા, boAtના સહ-સ્થાપક સાથે વિશેષ સંવાદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં તેમણે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ અને સ્પષ્ટ ઉદ્દેશ્ય સાથે પોતાના ઉદ્યમી સપનાઓને સાકાર કરવા માટે પ્રેરિત કર્યા.

આ સેશન દરમિયાન, એક 17 વર્ષના સહભાગીએ પૂછ્યું કે આગામી દાયકામાં સ્ટાર્ટઅપ્સ માટે કયું ક્ષેત્ર સૌથી આશાસ્પદ રહેશે. પ્રશ્નના જવાબમાં, અમન ગુપ્તાએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ની અપાર સંભાવના પર પ્રકાશ પાડ્યો અને યુવા ઉદ્યોગસાહસિકોને આ ક્ષેત્રમાં વિકાસને નજીકથી અનુસરવા પ્રોત્સાહિત કર્યા. તેમણે વિદ્યાર્થીઓને AI શીખવા અને સમજવા, સંબંધિત અભ્યાસક્રમોનું અન્વેષણ કરવા અને ક્લાઉડ જેવા AI ટૂલ્સનો સક્રિયપણે પ્રયોગ કરવાની સલાહ આપી, ભાર મૂક્યો કે ભવિષ્યમાં સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેશન માટે AI એક પરિવર્તનશીલ ભૂમિકા ભજવશે.

આ સેશને મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકો અને વિદ્યાર્થીઓને પ્રેરણા આપી, જિજ્ઞાસા જાગૃત કરી, સતત શીખવાની અને ઉભરતી ટેકનોલોજીઓમાં આગળ રહેવાના મહત્વને વધુ મજબૂત બનાવ્યું.